# SARDAR PATEL UNIVERSITY

**VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA**

**NAAC Re-Accreditation CGPA 3.25 Grade - 'A' (23-1-2017 to 22-1-2022)**

**Website: www.spuvvn.edu** **Fax: (02692) 230309, 226804**


## પરિપત્ર

## સ્નાતક કક્ષાના અભ્યાસક્મોની પ્રવેશ પ્રક્રિયા

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ તથા સામાન્ય પ્રવાહનું પરિણામો જાહેર થયેલ હોઈ સરદાર પટેલ યુનિવર્સિટીમાં ધોરણ-૧૨ પછીના સ્નાતક કક્ષાના અભ્યાસક્મમાં પ્રવેશ પ્રક્રિયા નીચે મુજબ રહેશે.

| તારીખ | વિગત |
|---|---|
| ખાસ નોંધ | જે વિદ્યાર્થીએ માન્ય બોર્ડમાંથી ધોરણ-૧૨ પાસ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓએ કોઈપણ દસ્તાવેજ પોર્ટલ ઉપર અપલોડ કરવાના નથી. વિદ્યાર્થીઓએ પ્રવેશ મળ્યા બાદ તમામ અસલ દસ્તાવેજ સંબંધકર્તા કોલેજમાં **Eligibility**ની ચકાસણી માટે રજૂ કરવાના રહેશે. ત્યારબાદ તમામ અસલ દસ્તાવેજ કોલેજમાંથી પરત લેવાના રહેશે. તમામ અસલ દસ્તાવેજ સંબંધકર્તા કોલેજમાં ચકાસણી દરમ્યાન જો કોઈ વિસંગતતા જણાશે તો જે તે વિદ્યાર્થીનો પ્રવેશ રદ કરવામાં આવશે. |
| તા. ૦૬/૦૮/૨૦૨૧ થી તા. ૧૨/૦૮/૨૦૨૧ | યુનિવર્સિટી પોર્ટલ ઉપર તા. ૦૬/૦૮/૨૦૨૧ સવારે ૧૨.૦૦ કલાકથી તારીખ.૧૨/૦૮/૨૦૨૧ સાંજના ૫.૦૦ કલાક સુધી વિદ્યાર્થી ઓનલાઇન ફોર્મ ભરી શકશે ત્યારબાદ ઓનલાઇન પોર્ટલ બંધ થઇ જશે. અગાઉ જે વિવદ્યાર્થીઓએ ફકત રજીસ્ટ્રેશન કરાવેલ તેવા વિદ્યાર્થીઓ તેમને મળેલા લોગિન આઇ.ડી. અને પાસવર્ડથી આગળનું ફોર્મ ભરી શકશે. ભરાયેલ ફોર્મની પ્રિન્ટ વિદ્યાર્થીએ રાખવાની રહેશે. (ઓનલાઈન ફોર્મ ભરવાના સમયે વિદ્યાર્થીએ પોતાનોજ મોબાઇલ નંબર તથા ઈમેઇલ આપવું) |
| તા. ૧૪/૦૮/૨૦૨૧ થી તા. ૧૬/૦૮/૨૦૨૧ | વિદ્યાર્થી પોતાનું પ્રોવિઝનલ મેરીટ યુનિવર્સિટી પોર્ટલ ઉપર તા.૧૪/૦૮/૨૦૨૧ બપોરે ૩.૦૦ કલાકથી પોતાના લોગિન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર જોઇ શકશે. તથા વિદ્યાર્થીને પોતાના માર્કસમાં કોઈપણ વિસંગતતા જણાયતો એપ્લીકેશન નંબર સહીત માર્કશીટ સાથે તુરંત યુનિવર્સિટીમાં ઈમેઇલ admission_spu@spuvvn.edu પર તા. ૧૬/૦૮/૨૦૨૧ ૫.૦૦ કલાક પહેલા જાણ કરવાની રહેશે. ત્યારબાદ મેરીટ અંગેની કોઈપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. |
| તા.૨૦/૦૮/૨૦૨૧ | વિદ્યાર્થી પોતાના લોગીન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર પોતાના ફાઇનલ મેરીટની માહીતી તા. ૨૦/૦૮/૨૦૨૧ના રોજ મેળવી શકશે તથા મોકરાઉન્ડ દરમ્યાન વિદ્યાર્થીને ફળવાયેલ કોલેજની માહીતી પોતાના લોગીનમાં જોઇ શકશે. (નોંધ : આ મોકરાઉન્ડ હોવાથી કોલેજનું ફાઇનલ એલોટમેન્ટ નથી)<br>વિદ્યાર્થી મોકરાઉન્ડ દરમ્યાનના કટઓફ લીસ્ટનો અભ્યાસ કરી પોતાની કોલેજ પસંદગીનો ક્મ્રાંક તા.૨૦/૦૮/૨૦૨૧ સાંજે ૫.૦૦ કલાક સુધી બદલી શકશે. ત્યારબાદ વિદ્યાર્થી પોતાની કોલેજ પસંદગી ક્મ્રાંક બદલી શકશે નહીં. |
| તા.૨૧/૦૮/૨૦૨૧ | બપોરે ૩.૦૦ કલાક બાદ પ્રથમ રાઉન્ડ દરમ્યાન વિદ્યાર્થીને મેરીટ પ્રમાણે કઇ કોલેજમાં એડમીશન મળે છે તેની વિગતો વિદ્યાર્થી પોતાના લોગીન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર જોઇ શકશે. તથા પ્રવેશની માહીતી વિદ્યાર્થીને એસએમએસ દ્વારા અને ઈમેઈલમાં પણ આપવામાં આવશે. |
| તા.૨૧/૦૮/૨૦૨૧ થી તા. ૨૪/૦૮/૨૦૨૧ | વિદ્યાર્થીને પોતાની પસંદગી મુજબની કોલેજમાં મળેલ પ્રવેશ મળ્યા અંગેનો મેમાની પ્રિન્ટ સાથે યુનિવર્સિટી માન્ય કોલેજની ફી તારીખ :૨૧/૦૮/૨૦૨૧ બપોરે ૪.૦૦ કલાકથી તારીખ :૨૪/૦૮/૨૦૨૧ સાંજે ૫.૦૦ કલાક સુધીમાં જે તે કોલેજમાં ભરવાની રહેશે. |
| તા. ૨૫/૦૮/૨૦૨૧ | યુનિવર્સિટી દ્વારા કોલજવાઇઝ ખાલી રહેલ સીટોની માહિતી યુનિવર્સિટી વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે. |

ચાલુ..

**સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની પ્રવેશ પ્રક્રિયાનો ઓપન રાઉન્ડ નીચે મુજબ રહેશે.**

| | | |
|---|---|---|
| તા. ૨૬/૦૮/૨૦૨૧<br>થી<br>તા. ૩૧/૦૮/૨૦૨૧ | ૧. | ઓપન રાઉન્ડ દરમ્યાન અગાઉના રાઉન્ડમાં પ્રવેશ ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી પોર્ટલ ઉપર તા.૨૬/૦૮/૨૦૨૧ સવારે ૧૨.૦૦ કલાકથી તા.૩૧/૦૮/૨૦૨૧ ને સાંજે ૫.૦૦ કલાકે સુધી ઓનલાઇન ફોર્મ ભરી શકશે. |
| | ૨. | જે વિદ્યાર્થીઓને અગાઉના રાઉન્ડ દરમ્યાન પ્રવેશ મળેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ નવું ફોર્મ ભરવાની જરૂર રહેતી નથી. |
| | ૩. | વિદ્યાર્થીએ ફોર્મની પ્રિન્ટ તથા તમામ દસ્તાવેજો સાથે જે ઈસ્ટીટ્યુટ/કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે ઈસ્ટીટ્યુટ/કોલેજમાં Eligibilityની ચકાસણી કરાવવાની રહેશે. |
| | ૪. | ઈસ્ટીટ્યુટ/કોલેજમાં ખાલી જગ્યા હોય તેવા સંજોગોમાં ઈસ્ટીટ્યુટ/કોલેજ દ્વારા વિદ્યાર્થીના ફોર્મની ચકાસણી કરી વિદ્યાર્થીના પ્રવેશ ફોર્મ પર વિદ્યાર્થીને પ્રવેશ આપવા માટેની નોંધ કરી સહિ સિકકા કરવાના રહેશે અને કોલેજના પોર્ટલ પર વિદ્યાર્થીઓનો પ્રવેશ કન્ફર્મ કરવાનો રહેશે, અને વિદ્યાર્થીઓના ફોર્મ તમામ બિડાણો સહિત કોલેજમાં રાખવાના રહેશે. |
| | ૫. | જે વિદ્યાર્થીઓને અગાઉ પ્રવેશ મળેલ છે અને તેઓ પોતાની ઈસ્ટીટ્યુટ/કોલેજ બદલવા માંગે છે તેવા વિદ્યાર્થીઓએ જે ઈસ્ટીટ્યુટ/કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તે ઈસ્ટીટ્યુટ/કોલેજના વડાશ્રી/આચાર્યશ્રી પાસેથી ખાલી જગ્યાની માહિતી મેળવી ફોર્મ ઉપર ઈસ્ટીટ્યુટ/કોલેજના વડાશ્રી/આચાર્યશ્રીના સહિ-સિક્કા કરાવી જૂના ઈસ્ટીટ્યુટ/કોલેજમાંથી પ્રવેશ રદ કરાવવામાં આવશે અને જો વિદ્યાર્થી અન્ય ઈસ્ટીટ્યુટ/કોલેજમાં પ્રવેશ મેળવવો હોય તો જે તે ઈસ્ટીટ્યુટ/કોલેજના આચાર્યશ્રીના પ્રવેશ ફોર્મ ઉપર ભલામણ કરી આચાર્યશ્રીના સહિ-સિક્કા કરાવી યુનિવર્સિટીમાં તારીખ : ૩૧/૦૮/૨૦૨૧ સાંજના ૫.૦૦ કલાક સુધી અરજી આપવાની રહેશે. |
| | | જરૂર મુજબ આગળની કાર્યવાહી યુનિવર્સિટી દ્વારા જાહેર કરવામાં આવશે. |

નોંધ : ૧. યુનિવર્સિટી દ્વારા કોઇ કોલેજનું જોડાણ રદ કરવામાં કે સ્થગિત કરવામાં આવશે તો તેવી કોલેજોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે નહીં.

૨. કોલેજોની બેઠકોની સંખ્યા યુનિવર્સિટી દ્વારા ફેરફારને પાત્ર છે.

૩. પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન કોઈપણ તકરાર બાબતે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે અને સર્વેને બંધનકર્તા રહેશે.

નંબરઃ ડી/ઈ/૧૦/૨૧૯૯(૧)
વલ્લભ વિદ્યાનગર
તારીખઃ ૦૪/૦૮/૨૦૨૧

કાર્યકારી કુલસચિવ

નકલ રવાના :

૧. ઉપરોકત અભ્યાસક્રમો ચલાવતી તમામ કોલેજો તરફ આગળની કાર્યવાહી સારૂ.

૨. નિયામીકાશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ ઉપરોકત તારીખો દરમ્યાનની કાર્યવાહી કરવા સારૂ.